## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*સૂતો સૂનકારને શાંતિ કોમામાં ચાલી ગઈ!*
*જાણે પત્ની બાળકો સાથે પિયર ચાલી ગઈ !*
*ચાલી ગઈ શ્રવણ શક્તિ આવી ધમાલને ધાક*
*પૂરાઈ ગઈ પ્રવૃત્તિ, સંવેદના ચાલી ગઈ !*

**હાઈકુ**

*સ્નેહ સંબંધો -*
*એકાંત કરવતે*
*કપાઈ ગયા !*

*ઈટાલી - સ્પેને*
*લ્યો ! હાથ ધોઈ નાખ્યા !*
*હાર્યાં હિંમત!*

### ચિંતન

**અનુચિત, ઉચિત બિચારુતજી, જેપાલ હિ પિતુ બૈન ।**
**તે ભાજન સુખ સુસ કે, બસહી અમરપતિ ઐન ॥**

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

અહીંયા પિતાજીની આજ્ઞાના પાલનનું મહત્ત્વ જણાવતાં કહ્યું છે કે પિતાજીની આજ્ઞા ઉચિત છે કે અનુચિત, કેવી પરિસ્થિતિમાં પિતાજી એ કેવી આજ્ઞા કરી છે એના વિચાર કર્યા વિના જ જે પિતાજીની આજ્ઞાનું પાલન કરે છે તે સુખ અને સુયશને પાત્ર છે અને અમરધામ ને માટે સુપાત્ર બને છે.

આજે વૃદ્ધાશ્રમ અને અલગ ઘરના રાફડા ફાટ્યા છે. માતા-પિતાને ઘરમાંથી કાઢી મૂકવાના બનાવો બને છે ત્યારે બાળકો દલીલ કરે છે એમનો 'સ્વભાવ' સારો નથી, અમને શું આપ્યું ? ઉછેર તો એમની ફરજનો એક ભાગ છે, બાકી તો હું મારા પોતાની ક્ષમતાથી પગભર થયો છું મારી મહેનતથી ભણ્યો આગળ વધ્યો છું, રોટલો આપીશ પણ એમની કચકચ સહન નથી કરવી વગેરે...

આવું અમૂલ્ય જીવન માનવ શરીર આપનાર માતા-પિતા જ છે. એનાથી બીજી કિંમતી વસ્તુ - વારસો - વિલ બીજું શું હોઈ શકે ? પોતાના કલ્યાણ માટે સાધન આપનાર મા-બાપને ભૂલસો નહીં.

### સુવિચાર

- પાપ શું છે ? દિલમાં જે ખટકે છે તે... - **જનકલ્યાણ**
- ભય ઉપર આત્માનો શાનદાર વિજય એ જ વીરતા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ખરું શાણપણ કયું ? કોઈ પણ વાત બદલ શોક ન કરવો તે - **રત્નમાલા**
- પચે તો જ બચે... પછી એ જ્ઞાન હોય... અન્ન હોય કે... ધન - **જન્મભૂમિ**
- હે પ્રભુ, મને જે જોઈએ તે તું આપ....
  ન આપી શકે તો બીજો, પ્રભુ આપ... - **મરીઝ**
- ભરોસો બધાનો કરવો, પણ સાવચેતી રાખવી,
  કારણ કે કયારેક પોતાના દાંત પણ જીભ કાપી નાખે છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : ચંદનની પેસ્ટ સાથે જાયફળની પેસ્ટ મેળવીને ચહેરા પર લગાવવાથી ખીલ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગામડામાં ગરીબ ખેડૂત બે વીઘા જમીનમાં ખૂબ મહેનત કરી ખેતી કરે. તેને બે દીકરા હતા. એનો વિચાર એવો હતો. કે બે દીકરા ખૂબ ભણે આગળ વધે કયાંક સારી નોકરી મેળવે તો, તેમને પોતે કરી છે તેવી કાળી મજૂરી ન કરવી પડે. પણ બે દીકરાઓ ને ભણવામાં ચિત્ત જ ચોંટતું નહીં. દીકરા આખું વર્ષ રખડ્યા કરે અને છેલ્લા પંદર દિવસ અભ્યાસ કરે એટલે માંડ માંડ પાસ થાય. એમને સારી નોકરી મળે તો તેઓ સુખી થશે. દીકરાઓ તો સામો જવાબ આપી પિતાને કહી દેતા કે, 'તમે ખેતરમાં મજૂરી કરો તમને અભ્યાસ કેમ કરાય તેની ખબર ન પડે કારણ કે તમે ખુદ અભણ છો.' ખેડૂતે દીકરાઓને પાઠ ભણાવવા ખેતરમાં જવાનું બંધ કરી દીધું. મહિનાઓ પસાર થઈ ગયા. વાવણીનો સમય આવ્યો. ખેડૂતે બંને દીકરાઓને કહ્યું, 'આપણું ખેતર ખેડ્યા વિનાનું ઉજ્જડ બની ગયુ છે. ઝાડી ઝાંખરાં ઉગી નીકળ્યા છે. તમે મારી મદદમાં આવો તો બે ત્રણ દિવસમા ખેતર સાફ કરી, ખેડીને વાવણી માટે તૈયાર કરવું પડશે.' એક અઠવાડિયું સવારથી સાંજ ખેતરમાં કામ કરી બે દીકરાનો દમ નીકળી ગયો. થાકીને તે બોલ્યા, 'વાવણીનો સમય નજીક આવી ગયો છતાં તમે પહેલેથી ખેતર ખેડ્યું કેમ નહિ ? જો પહેલેથી આ તૈયારીઓ હોત તો આજે આવી ઉતાવળ ન થાત. હવે થોડા સમયમાં આટલું બધું કામ છે. તો સારો પાક મળશે કે કેમ તે પણ એક સવાલ છે. આખું વર્ષ તમે કેમ બગાડ્યું?' ખેડૂતે કહ્યું, 'તમે પણ આવું જ કરો છો ને. વર્ષ દરમિયાન ભણતા નથી અને છેલ્લે પરીક્ષા વખતે વાંચીને જેમતેમ પાસ થઈ જાવ છો. તેમ આ વખતે ફટાફટ ખેતર તૈયાર કરો. તમે જ કહેતા હતા કે આખું વર્ષ મહેનત કરવાની શી જરૂર તો મેં પણ એવું જ વિચાર્યું.' પિતાની વાતનો મર્મ દીકરાઓને સમજાયો. અને માફી માંગી. વર્ષભર અભ્યાસ કરવાની ખાતરી આપી.

# લોકડાઉનની આર્થિક અસરો અને સામાજિક પ્રતિક્રિયાઓ

**તંત્રીસ્થાનેથી...**

સરકાર પાસે દેશને મહામારીના સંક્રમણમાંથી બચાવવાનો બીજો કોઈ રસ્તો હોત તો એણે કયારેય લોકડાઉનનો અંતિમવાદી અભિગમ ન જ અપનાવ્યો હોત. દુનિયા આખી ગ્લોબલ વિલેજ બની ગઈ હોઈ ચીનમાં શરૂ થયેલી બીમારીનો ચેપ જોતજોતામાં આખી દુનિયાને ભરડો લઈ ચૂક્યો છે. વર્ષો પૂર્વે, ઓબાલા અને ક્લિન્ટનના પૂર્વસૂરિ અમેરિકાના રિપબ્લિકન પ્રમુખ બુશે મહામારી સંદર્ભે પૂરતી તૈયારી ન રખાય તો ભયાનક પરિણામો આવી શકે છે - એવું ઐતિહાસિક ભાષણ આપ્યું હતું જે આજકાલ વાઈરલ થઈ રહ્યું છે. એનો શબ્દેશબ્દ સાચો પડી રહ્યો છે અને અમેરિકા જેવી મહાસત્તા એના પૂર્વ રાષ્ટ્રપ્રમુખની એ સલાહને નજરઅંદાજ કરી આતંકવાદ જેવા નવા મુદ્દાઓ પ્રત્યે વધુ ધ્યાન આપતી થઈ એથી મહામારીના સંકટ સામેની પૂર્વતૈયારીઓમાં પાંગળી સાબિત થઈ છે. ભારત જેવી ઊભરતી ઈકોનોમી વિશ્વસત્તાઓની હરિફાઈ કરવા લાગી અને ઘરઆંગણે સત્તાની ચોપાટ રમવામાં બાંજ ન આવી. હિંદુત્વ ગાય અને ગંગા કે અયોધ્યા જેવા મુદ્દા આરોગ્ય જેવી સૌથી ટૉપ પ્રાયોરિટીના મુદ્દા પર હાવી થતા રહ્યા. પાંચ ટ્રિલિયનની ઈકોનોમીનાં સપનાં સાકાર કરવાના પ્રયાસો ચાલુ થયા. મહત્ત્વાકાંક્ષી નેતાગીરીએ યુદ્ધમાં પરાજિત ન થવાય એ માટે શસ્ત્રોની સોદાબાજીમાં અને પાડોશી પાકિસ્તાનને દુનિયામાં મોં દેખાડવાલાયક ન રહે એવા કારસા કરવામાં જ ધ્યાન પરોવ્યું. અબજો રૂપિયા જાહેરાતોમાં વેડફતી સરકારે એકાએક કદીયે નહીં કલ્પેલી મુસીબતનો સામનો કરવાવારો આવ્યો છે. કિટ્સનો અભાવ છે. રેન્ડમ સૅમ્પલથી જે આંકડા જાહેર કરાય છે એના કરતાં સાચાં આંકડા ઘણા વધારે ભયંકર હોઈ શકે છે. કોરોનાની માનસિક ઈફેક્ટ તો ઓર ખતરનાક નીવડી શકે એમ છે. પંજાબના મુખ્યમંત્રી અમરિંદરસિંહ સવેળા ચેત્યા છે. કેન્દ્ર સરકાર લોકડાઉન લંબાવવા મુદ્દે કોઈ નિર્ણય કરે તે પહેલાં આ સરદારજીએ પંજાબને પહેલી મે સુધી લોકડાઉન કરી દીધું છે. મૃત્યુનો આંક પંજાબમાં ઓછો છે, છતાં તેઓ આવો નિર્ણય કરી શક્યા છે કારણ કે નિષ્ણાતોનું ગણિત તો એવું છે કે કદાચ આગામી સમયગાળામાં ભારતની અઠ્ઠાવન ટકા વસતિ કોરોનાની ચપેટમાં આવી શકે છે. ઓડિશાના શાણા સુકાની નવીન પટનાયકે સૌથી પહેલાં લોકડાઉન લંબાવ્યું છે. ગુજરાતમાં અમદાવાદ ઊકળી રહ્યું છે. કોટ વિસ્તાર સીલ કરાયો છે. લઘુમતી સમાજમાં પોલીસની કડકાઈ સામે ભારે રોષ છે. તબલીઘીઓએ જ આખા દેશમાં કોરોના ઈન્ફેક્શન જાણી જોઈને ફેલાવ્યું હોય એવું અર્થઘટન બે કોમો વચ્ચે વૈમનસ્ય ઊભી કરી રહ્યું છે. જુહાપુરામાં પોલીસ પર થયેલા પથ્થરમારો એનું જ્વલંત ઉદાહરણ છે. સુરતમાં બેરોજગારોનાં ટોળાં પોલીસ બેરીકેટ તોડીને વતનમાં જવાની હઠ પર ઊતરી પડ્યાં છે. સરકાર માટે આ વણસી રહેલી પરિસ્થિતિ પર કાબૂ મેળવવાનું અશક્ય નહીં તો અઘરું તો બની જ રહ્યું છે. દેશનું અર્થતંત્ર આમ પણ લકવાયેલું હતું. કોરોનાએ એને ધક્કા મારીને ખીણમાં ધકેલી દીધું છે. વડાપ્રધાનને આંતરરાષ્ટ્રીય દબાણોનો સામનો કરી દવાનો મોટો જથ્થો દેશ બહાર મોકલવો પડ્યો છે. એથી એ બધા તો એમની પ્રશંસા કરશે પણ જો વિકરાળ કોરોનાના જડબામાં દેશની બહુ જ મોટી જનસંખ્યા ઓરાઈ જશે તો એ પરિસ્થિતિને કાબૂમાં રાખવાનું મુશ્કેલ બની જશે. જરૂર છે લોકશિક્ષણની; સાંપ્રદાયિક સૌહાર્દના વાતાવરણની ખાસ જરૂર છે. એ સિવાય કોરોનાનો કાળમુખો નિયંત્રણમાં આળશે તો પણ કાળજે લાગેલા ડાઘ દૂઝ્યા જ કરશે, દાયકાઓ લગી.

# જે કરો તે બેસ્ટ અને શ્રેષ્ઠ કરો!

**આરપાર**

રાઘવજી માધડ

શેઠ મક્કમ નિર્ધાર કરીને બેઠા હોય એમ ઘસીને ના પાડી દીધી:'તને આપવા જેવું મારા પાસે કાંઈ નથી.' ભિખારી શેઠના અદોદળા અને પીંખાઇ ગયેલા મોં સામે જોતો રહ્યો.પછી કાંઈક વિચારીને કહે:'શેઠ ! મને આપવા માટે આપની પાસે કાંઈ ન હોય તો,આ રસ્તા પરની ચપટી ધૂળ લઈને આપો !' શેઠ રાજી થઈ ગયા. ઓટલા પરથી ઊભા થઈ, રસ્તામાંથી ધૂળની ચપટી ભરી ભિખારીને આપી.

એક સજ્જન આ દ્રશ્ય જોઈ ભિખારી પાસે આવ્યા અને પૂછ્યું:'ભાઈ,આ ચપટી ધૂળથી તારું શું વળશે !?' ભિખારીએ હસીને જવાબ આપ્યો:'ભલે મારું કાંઈ ન વળે પણ કોઈકને આપવા માટે શેઠનો હાથ વળતો થયો !'આ ઘટના જયારે ઘટી હોય ત્યારે પણ આજે કોરોના કહેર વચ્ચે, જરૂરીયાતમંદો માટે કેટલાંય લોકોના હાથ વળતા થયા છે..તે સંસ્થાઓ અને વ્યક્તિઓના વખાણ,ઉલ્લેખ માટે શબ્દોનો પનો ટૂંકો પડે એવું છે.પણ સેવાકાર્યને નમન થઈ જાય તે સ્વાભાવિક છે.કોરોનાએ ઘણાં તથ્યો અને સત્યો માણસના સામે ઉઘાડા કરી કરી દીધા છે.ડાયરી સામે ધરી દીધી છે.તેમાં હવે શું વાંચવું,લખવું તે વ્યક્તિએ વિચારવાનું છે.કારણ કે ઘણાં ઘરના દરવાજે બોર્ડ લટકતા હતા:વેલકમ-ભલે પધાર્યા...ત્યાં હવે અમારાથી દૂર રહો એવા સોશ્યલ ડિસ્ટન્સના બોર્ડ મારવા અનિવાર્ય થઈ પડ્યા છે. જાન હૈ તો જહાન હૈ...આ નર્યું સત્ય છે.

જીવનમાં ત્રણને ક્યારેય ભૂલવા નહીં - મુશ્કેલીમાં મદદ કરી હોય, મુશ્કેલીમાં મૂકી દીધા હોય અને મુશ્કેલ સમયે છોડી ગયા હોય ! કારણ કે કડકડતી ભૂખ લાગે ત્યારે, ટાઢો રોટલો પણ મીઠો લાગતો હોય છે. આવા અણીના, ખરા સમયે કોઈ મદદ કરે તેમનું મૂલ્ય શબ્દોમાં આંકવું ઓછું ને અઘરું થઈ પડે.

કોઈ ગામના સરપંચ સોનાના દાગીના ગિરવે મૂકી, ગામમાં કોઈ ભૂખ્યું-દુઃખ્યું ન રહે તે માટેની કાળજી કરે.જેમના પાસે હાથ લંબાવવા સિવાયનો કોઈ વિકલ્પ નથી તે કિન્નર સમાજ,આ આપત્તિમાં આવી ગયેલા લોકોને ભોજન કરાવે. કોઈ ઉચ્ચ અધિકારી જાતે રસોઈ પકાવીને અડખેપડખેના પરિવારોની આંતરડી ઠારે...કોઈ વળી જરૂરી સામગ્રીની કીટનું વિતરણ કરે...જેમ સમજ અને ટાઢિયો તાવ અંદરથી આવે એમ સેવાના સંસ્કાર પણ મનુષ્યની અંદરથી આવે છે.તેમની પ્રજ્ઞામાંથી પ્રગટે છે.સેવાભાવી, વ્ય ક્તિઓ અને વિવિધ સંસ્થાઓની વંદના સાથે સેવાકર્મીઓને વિશેષ યાદ કરવા ઘટે. એક પોલીસકર્મી બહેન બાળક સાથે ફરજ બજાવે, કોઈ આરોગ્યકર્મી જાનનું જોખમ વહોરી સેવા કરે, પરિવારની પરવા કર્યા વગર ભૂખ-તરસ વેઠી લોકડાઉનના માહોલમાં રાત-દિવસ ખડા પગે ઊભા રહી નિષ્ઠાને પ્રતિષ્ઠા સાથે ફરજ અદા કરે...તેમજ આ કપરા સંજોગો વચ્ચે વિવિધ વિભાગના કર્મીઓ સેવા કરે છે તે કોઈપણને સલામ સાથે સહયોગ આપવાનું સૂઝે તો આપણા સદભાગ્ય સમજવા રહ્યા. હાલ સેવા, સહયોગની તાતી જરૂરિયાત છે.

હંમેશા લેનાર કરતા, દેનારનો હાથ ઉપર રહ્યો છે. સરખી રીતે આપી શકાય તે માટે લેનારના હાથ સામે જોવું, તેમની આંખ સામે જોવું નહીં. કોઈની લાચારી કેમેરામાં કેદ ન થયા તેની કાળજી સેવાથી સેવાની સુવાસને વધુને વધુ પ્રસરાવતી હોય છે !

છેલ્લે : જિંદગી આઈસ્ક્રીમ જેવી હોય છે ટેસ્ટ કરો તો પણ ઓગળે અને વેસ્ટ કરો તો પણ ઓગળે...એટલે

એક પણ ક્ષણ ગુમાવ્યા વગર સેવા, સહયોગ માટે જે કરો તે બેસ્ટ અને શ્રેષ્ઠ કરો !

# ૨૧ દિવસના લોકડાઉન પછી હવે શું? બીજા ૨૮ દિવસ ને પછી ૧૪?

**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

છેલ્લા ચારેક મહિનાથી કોરોના વાયરસે વિશ્વભરમાં હાહાકાર મચાવી રાખ્યો છે. એક સાવ સૂક્ષ્માતિસૂક્ષ્મ જંતુએ વિશ્વની મોટામાં મોટી મહાસત્તાઓને ધૂળ ચાટતી કરી દીધી છે. દુનિયાના જે જે દેશો પોતાની સૈન્યશક્તિ, વિજ્ઞાન અને વિકાસ, આર્થિક સમૃદ્ધિને કારણે ગર્વ કરતા હતા તે બધા જ દેશ આજે કોરોના સામે હાર માની ચૂક્યા છે. અને હજીએ આ દેશોમાં રોજેરોજ હજારોની સંખ્યામાં માણસો મરી રહ્યા છે.

ભારત દુનિયામાં ચીન પછી સૌથી વધુ (૧૩૦ કરોડ) વસ્તી ધરાવતો વિશાળ લોકશાહી દેશ છે. જેવી રીતે અત્યારે કોરોના વાયરસ ચીન, અમેરિકા, સ્પેન, ઈટલી, ફ્રાન્સ, જાપાન, ઈરાનમાં ફેલાયો છે એવી રીતે જો ભારતમાં ફેલાયો હોત તો અહી લગભગ અત્યાર સુધીમાં ૨૫ થી ૫૦ લાખ લોકો મૃત્યુને ભેટી ચૂક્યા હોત, પરંતુ ભારતમાં આવનારી આ ભયંકર વિકટ મહામારીને ઓળખીને આપણા વડાપ્રધાન શ્રી ન.મોએ ૨૧ દિવસનું લોકડાઉન કરી દીધું. શરુઆતમાં કદાચ થોડી અફરાતફરી સર્જાઈ, ગરીબ મજૂર વર્ગના હજારો લાખો લોકો પોતાને ગામ જવા રોડ પર આવી ગયા. પણ આ બધુ બે ત્રણ દિવસમાં સમેટાઈ ગયું. ગરીબોને રોજીરોટી, રહેઠાણ અને રાહત મળી જતા તેઓ શાંત થઈ ગયા. આમ છતાંય આપણા દેશની ૧૩૦ કરોડની વસ્તી. કદી એક રસ્તે ના ચાલે, થોડી રાજનીતિ, થોડી ધર્મનીતિ ઉમેરીને અંદરના દુશ્મનોએ કાવાદાવા, ષડયંત્રો ખેલવાનું શરું કર્યું. લોકડાઉનની સ્થિતિનો લાભ લઈને આખા દેશને ગૃહયુદ્ધની સ્થિતિમાં ધકેલી દેવાના પડોશી દેશના ષડયંત્રો પણ નાકામ થયા. એમના સર્વ સૈનિકો ને શસ્ત્રો પકડાઈ ગયા. વળી વિકટમાં વિકટ પરિસ્થિતિ સામે લડવામાં માહેર શ્રી નમો કદી હાર સ્વીકારે એવા નથી. એ બેવડી તાકાતથી લડશે. અને લડી પણ રહ્યા છે. આખી વૈશ્વિક જમાતની તાકાતને પણ તોડી. છિન્નભિન્ન કરી. જો કે નિઝામુદ્દિનની ઘટનાને કારણે ૨૧ દિવસના લોકડાઉનમાં કોરોનાને હરાવવાની યોજના નિષ્ફળ જશે એ પણ હકિકત છે. કેમ કે ભારત હજી સુધી પ્રથમ સ્ટેજમાં જ હતું ને ૨૧ દિવસનું લોકડાઉન થઈ ગયું હતું. અને બીજા સ્ટેજમાં પ્રવેશી આ ૨૧ દિવસમાં પુરું થઈ જાત પણ જમાતી ઘટનાએ કોરોનાને ત્રીજા સ્ટેજમાં લાવીને મૂકી દીધો.

આપણે સૌ છેલ્લા વીસેક દિવસથી સતત ટી.વી. સામે છીએ. દેશ કે દુનિયાની સ્થિતિ ઉપર નજર રાખી રહ્યા છીએ. વિશ્વના ગ્લોબલ વૈભવશાળી — વિકાસશીલ શહેરો - દેશો આજે સાવ ખાલીખમ્મ થઈ ગયા છે. સૌ કોઈ ઘરમાં પુરાઈને બેસી રહ્યા છે. પણ ક્યારે ? જ્યારે એમની આજુબાજુના, એમન સગાસંબંધીઓ કોરોનાથી ટપોટપ મરવા લાગ્યા પછી ડરીને ઘરમાં પુરાયા. કેમ કે કોરોના મૃત્યુ એવું ભયાનક છે કે એમાં મૃત્યુ થાય તો સગાસંબંધીઓ પણ આપણા મૃતદેહને લેવા કે અગ્નિદાહ દેવા આવતા નથી. કેમ કે એનાથી પણ સંક્રમિત થવાય છે.

મત્રો, હવે હિંદુસ્તાનીઓની, આપણા સૌની સાચી કસોટી છે. આ ૨૧ દિવસ તો આવતા બે દિવસમાં પુરા થઈ જશે. જો આપણે ઉત્સાહમાં આવી જઈને બહાર બજારોમાં ખરીદી કરવા, મિત્રોને મળવા નીકળી પડ્યા તો ભારતના દરેક રાજ્યોની દરેક શહેરોની દશા ઈટલી જેવી હશે, કેમ કે અત્યારે કોરોનાની ત્રીજા સ્ટેજની શરુઆત થઈ છે. ખરેખર તો હવે જ સાચા લોકડાઉનની જરુર છે અને એ પણ ૪૬ દિવસના. શક્ય છે કે સરકાર હવે નોકરી ધંધાવાળાને બહાર કે ઓફિસ જવાની છૂટ આપે. અને આમ થશે તો આપણે સૌ કશુ જ વિચાર્યા વિના બહાર કુદી પડવા તૈયાર જ છીએ. કોરોનાની ઐસી કી તૈસી કરીને પાંજરામાંથી ઉંદર ભાગે એમ ઘરમાંથી બહાર વિહાર કરવા દોડીશું. કેમ કે આપણા સૌના મહત્વના કેટલાય કામો અટકીને પડ્યા છે. ..પણ જો આમ થયું તો ... ભારતના શહેરોના શહેરો તબાહ થઈ જશે. ભેંકાર થઈ જશે.

મિત્રો, આ ૨૧ દિવસ તો આપણે ઘરમાં રહેવાની તાલીમ લીધી. એમાં આપણે સફળ પણ થયા. પણ હવે જ સાચું લોકડાઉન ૪૬ દિવસનું પાળવાની જરુર છે. સરકારના આદેશ મુજબ ઘરમાંથી કોઈ નોકરી-ધંધા માટે જાય તો ભલે જાય, બાકીના તમામ હજીયે ઘરમાં રહીશું. ઘરની જોઈતી વસ્તુઓ નોકરી ધંધે જનારની સાથે જ મંગાવી લેવી. કેમ કે આ વાયરસ છે ગાંધીનગર-ગુજરાતમાં પણ પોતાનું રૌદ્રરૂપ બતાવવા તલપાપડ છે જ. એને તો બસ સો બસો હિંમતવાળા (મૂર્ખાઓ) માણસોની જ જરૂર છે. કે જેઓ અમથા અમથા બજારમાં, પાનને ગલ્લે, મિત્રોને મળવા નીકળે. આપણે સૌ જાણીએ છીએ કે કોરોનાની ખાસિયત છે કે એ આપનામાં પ્રવેશ્યા પછી પાંચ સાત દિવસ સુધી આપના શરીરમાં વિકસે છે, ઘરના તમામને પહેલા સંક્રમિત કરે છે પછી એના લક્ષણો દેખાવાની શરુઆત થાય છે. અને બધાને એક સાથે હોસ્પિટલમાં જવું પડે છે. અને પછી થોડા જ દિવસોમાં .... સ્વર્ગ તરફ પ્રયાણ.... મિત્રો, અમેરિકા, ચીન, ઈટલી, સ્પેન, ઈરાન, જેવા દેશોમાં આખા ને આખા પરિવારો સાફ થઈ ગયા છે. તમામ પ્રકારની સંપતિઓ, ભૌતિક સુખ સમૃદ્ધિઓ છોડીને હજારો પરિવારો સ્વર્ગે સિધાવ્યા છે. કારણ કે તેઓએ કોરાનાને, સરકારની સુચનાઓને, લોકડાઉનના નિયમોને હળવાશથી લીધા હતા. ત્યાં કોરોના જ્યારે ચોથા સ્ટેજમાં પ્રવેશ્યો ત્યારે સૌ જાગ્યા. પણ પછી મોડું થઈ ગયું હતું. આપણે હજીયે ત્રીજા સ્ટેજના આરંભે છીએ, હવે જો ૨૧ દિવસ પુરા થતા બધી જ છૂટ લઈને બહાર નીકળી પડ્યા તો આવતા મે-જૂન મહિનામાં શક્ય છે કે ભારતના મોટાભાગના શહેરો ભેંકાર હશે, અને મૃત્યુનો આંકડો ન કલ્પી શકાય એવડો મોટો હશે,

આમ તો શક્ય છે કે આ ૨૧ દિવસનું લોકડાઉન ખુલશે અને ત્રણેક દિવસ રોજ એકાદ બે કલાકની છૂટ આપ્યા પછી ફરી બીજા ૨૮ દિવસનું જનતા લોકડાઉન શરું થાય, અને ત્યાર બાદ બીજા ૧૪ દિવસનું... તો જ કોરોનાના કેસનો આંક નીચે જવાની શરુંઆત થશે. એવા એંધાણ અત્યારે તો દેખાઈ રહ્યા છે.

મિત્રો, એકવાત ખાસ ધ્યાન રાખશો કે આ કોરોના કોઈ આતંકવાદી સંગઠન નથી કે આપના જાંબાઝ જવાનો એને ગોળીથી વિંધી નાખશે ને આપણે જંગ જીતી જઈશું. આ કોરોનાને જીતવાનો એક જ ઉપાય છે સૌ સ્વેચ્છાએ હજીયે બીજા ૨૮ દિવસ ઘરમાં રહો, એની પ્રસરવાની ચેઈન તોડો. કોરોના ગાંધીનગર સહિત ગુજરાતના અનેક શહેરોમાં છે. શક્ય છે કે તમે બહાર નીકળો ને એ તમારી જ રાહ જોતો હોય, તમારી સાથે એ તમારા ઘરમાં આવી બધાને સંક્રમિત કરશે અને તમને ખબર પણ નહી પડે, એ વખતે શું કરશો ?

મિત્રો, હું માનું છું કે આ યુગમાં બે ત્રણ મહિના સતત કામ ધંધો બંધ રાખીને ઘરમાં બેસી રહેવું એ કોઈને પોષાય એમ નથી. પણ દેખાતા દુશ્મન સામે લડવું સહેલું છે. એને જીતી પણ શકાય. પરંતુ જ્યારે દુશ્મન અદ્દશ્ય હોય ત્યારે ઘરમાં છૂપાઈ રહેવામાં જ આપણી જીત છે. આપણું ને પરિવારનું ભલું છે. જિંદગીના બે ત્રણ મહિના નહોતા કમાયા એમ માનીશું, કદાચ પાંચ પચ્ચીસ લાખનું નુકશાન જશે તો પણ એ ફરીથી કમાઈ શકાશે. પણ જો કોરોના થયો તો... જે ધન કમાયા છીએ, જે સમૃદ્ધિ ભેગી કરી છે એ વાપરનાર પણ કોઈ નહી રહે, એટલે અત્યારે રૂપિયાના થતા નુકશાન સામે જોયા વિના જીવન બચાવવાની જરૂર છે. આ ૨૧ દિવસમાં આપણે ઘણી બધી જરુરિયાતો માનતા હતા તેના વિના જીવન જીવ્યા છીએ. તો હજી કદાચ બીજો એકાદ દોઢ મહિનો ઘરમાં થોડી મુશ્કેલીમાં, અભાવમાં રહેવાનું થાય તો ... મૃત્યુના બદલામાં તો ઉત્તમ જ છે ને. કેમ કે આપણે જાણતા નથી કે બહાર કોરોના ક્યાં ક્યા છે ? શક્ય છે કે આપણા બાઈકના કે ગાડીના હેન્ડલ પર હોય, ઘરના દરવાજા પર હોય, બહારથી ખરીદેલી ચીજ વસ્તુઓ ઉપર હોય, લેવડ દેવડ કરેલી નોટો ઉપર હોય, બજારમાં આપણી આજુબાજુથી પસાર થતા લોકોના શ્વાસમાંથી નીકળીને આપણી તરફ આવતો હોય... આવી અનેક રીતે કોરોના આપણા સુધી આવી શકે છે.. માટે અત્યારે હિંમતભેર બહાર ફરવામાં નહી ઘરમાં બેસવામાં સમજદારી છે. હજી બીજા ૪૬ દિવસની જરુર છે બધુ સામાન્ય થવામાં. માટે આજથી એકદમ મનને અને પરિવારના બધા જ સભ્યોને મજબૂત કરીને ઘરમાં જ રહેવાનું રાખીએ. સમગ્ર સંસારમાં આ એક જ યુદ્ધ એવું છે કે આમાં ઘરમાં રહેવાથી જીતી શકાય છે.

- 9426060601.india@gmail.com

# નુકશાન તો છે પણ 'લોકડાઉન' થી જ હારશે 'કોરોના' !!!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

જ્યાથી આ ભયાનક અને કાળમુખો કોરોના શરૂ થયો એ ચીનના વુહાન શહેરમાં લોકડાઉનનો સમયગાળો હતો ૭૬ દિવસનો...! ૭૬ દિવસ મતલબ ઓલમોસ્ટ અઢી મહિનાથી વધુ યાની કી લગભગ ૧૦ વીક ! ૭૬-૭૬ દિવસ જેવો લાંબો અને અઘરો કહી શકાય એવો સમય ઘરમાં વિતાવ્યા પછી વુહાનવાસીઓ હવે કઈક અંશે કોરોનાથી મુક્ત થઈ ચૂક્યા છે અને નોર્મલ જિંદગી તરફ પોતાના ડગલાં માંડતા થઈ ચૂક્યા છે ત્યારે ભારત સહિત દુનિયાના અનેક દેશો હજુ કોરોનાની મહામારી સામે ઝઝૂમી રહ્યા છે. સ્પેન, ઈટાલી, ઈંગ્લેન્ડ અને અમેરિકા તો બહુ જ ખરાબ રીતે કોરોનાથી પ્રભાવિત થઈ જ ચૂક્યા છે અને જો નિષ્ણાતોની વાત માનીએ તો આપણું હિંદુસ્તાન પણ ઈટાલી, સ્પેન કે અમેરિકાની જેમ કોરોનાની ભયાનક અસરો ભોગવી શકે છે. અમેરિકા અને ઈંગ્લેન્ડ કે ઈટાલી અને સ્પેન જેવા અક્કલમંદ અને પહોચતા દેશો પણ કોરોના સામે ઘૂંટણીયે પડી ચૂક્યા છે અને એનું એક મહત્વનુ કારણ છે મૃતાંકોની સંખ્યા અને ખતરનાક ઝડપે ફેલાતો આ રોગ! અમેરિકા તો સામેથી જ કબૂલી ચૂક્યું છે કે આપણાં ગ્રેટ અમેરીકામાં અંદાજે ૬૦૦૦૦ જેટલા લોકોને કોરોના ભરખી જવાનો. બ્રિટન અને ઈટાલી કે સ્પેન જેવા દેશો અત્યાર સુધી તો દિશાહીન જ હતા આને નાથવામાં. જો કે હવે ઈટાલી અને સ્પેનમાં કઈક અંશે રાહતના સમાચાર છે પણ એ પહેલા કોરોનાએ એને આર્થિક અને સામાજિક બન્ને રીતે તબાહ કરી નાખ્યું છે.

આ લખાય છે ત્યારે ગુરુવાર સુધીમાં ભારતમાં કોરોનના દર્દીઓ ૬૦૦૦ ની પાર અને એનાથી થયેલા મોતનો આંકડો ૧૮૪ થઈ ચૂક્યો છે. ભલે આ આંકડો અમેરિકાના ૪૩૫૦૦૦ (૧૪૭૯૭ મોત), ઈટાલીના ૧૩૯૪૨૨ (૧૭૬૬૯ મોત), સ્પેન ૧૪૮૨૨૦ (૧૪૭૯૨ મોત), ફ્રાંસ ૧૧૨૯૫૦ (૧૦૮૬૯ મોત) ની સામે ઓછો કે નાનો લાગતો હોય પણ છેલ્લા એકાદ વીકમાં જે રીતે કોરોનાના દર્દીઓ અને મોતનો આંકડો વધી રહ્યો છે એ જોતાં ભારત પણ જ્વાળામુખીની ટોચ પર બેસેલું હોય એવું લાગે છે અને જે રીતે કેસ વધે છે એ જોતાં આ વાંચતાં હશો ત્યારે રવિવાર સુધીમાં આ આંકડો ૧૦૦૦૦ ની આસપાસ પહોચી ચૂકવાનું અનુમાન છે. જો કે નિષ્ણાતોના મતે ભારતે હાશકારો કરવાની વાત એ છે કે જગતની સરખામણીમાં કોરોનાના કેસોની સંખ્યા ઓછી વધે છે પણ એમાં એક મહત્વનુ કારણ ભારતમાં કોરોનાના ટેસ્ટની ઓછી સંખ્યા પણ કારણભૂત તો છે જ છતાં એમ કહી શકાય કે જગતના બીજા ખરાબ રીતે પ્રભાવિત દેશોની સરખામણીમાં ભારત અને ભારતીયોએ લોકડાઉનને બરાબર નિભાવી જાણ્યું છે અને એની જગતના બીજા દેશોએ પ્રસંશા અને વખાણની સાથે ભારતને આ બાબતમાં આદર્શ રાખવાનું આહ્વાન પણ કરેલું છે.

આખી દુનિયા અને કોરોનાને મહાત આપી ચૂકેલ ચીન જેવા દેશોએ પણ જણાવ્યુ છે કે કોરોનાની અસરોને ખાળવાનો એકમાત્ર ઉપાય છે 'લોકડાઉન' અર્થાત બધુ જ બંધ અર્થાત લોકો ઘરમાં જ રહે અને જરૂર સિવાયના કામ-ધંધા બંધ. કોરોનાને હરાવવાની મુખ્ય ઔષધિ એવું સોશિયલ ડિસ્ટન્સિંગ એપ્લાય કરવાનું આ બેસ્ટ શસ્ત્ર છે !! જેટલા લોકો એકબીજાના સંપર્કમાં ઓછા આવે એટલો આ ખતરનાક રોગનો ફેલાવો ઓછો થાય. આ એકમાત્ર અસરકારક ઉપાય છે કોરોનાને હરાવવાનો. આંકડા ગવાહ છે કે સ્પેન, ઈટાલી, બ્રિટન કે અમેરિકા જેવા દેશોમાં એક યા બીજા કારણોસર લોકડાઉનનો ચુસ્ત અમલ થઈ શક્યો નહી અને પરિણામે ત્યાં પરિસ્થિતી ઓલમોસ્ટ હાથમાથી સરકી ચૂકેલી છે. સ્પેન અને ઈટાલીના લોકોએ લોકડાઉનના સમયને વેકેશન તરીકે લીધો અને અમેરિકા કે બ્રિટને આર્થિક નુકશાનની બીકે લોકડાઉન મોડુ કર્યું, પરિણામ નજર સામે છે. જો કે ભારતમાં પણ આનો સજ્જડ અમલ કરાવવો મુશ્કેલ તો છે જ અને શરૂઆતમાં થયું પણ એવું જ કે લોકોને ગંભીરતા સમજાઈ નહી પણ હેટ્સ ઓફ ટુ પોલીસ અને વહીવટીતંત્રને કે જેણે સમજદારી અને કડકાઈ બન્નેનો બખૂબી ઉપયોગ કરીને એમ કહી શકાય કે લોકોને પરિશ્થિતીનું ભાન કરાવ્યુ.

શનિવારે લોકડાઉન વધારવું કે નહીં એનો ફેંસલો આવી ગયો હશે પણ એ પહેલા જ ઓરિસ્સાએ તો લોકડાઉન ૩૦ એપ્રિલ સુધી વધારી દીધેલ છે તો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તેલંગાણા, છત્તીસગઢ, ઝારખંડ અને કેરળે તો સરકારને સામે ચાલીને લોકડાઉન લંબાવવાની માગ કરી છે. યુપી જેવા દેશના સૌથી મોટા રાજ્યના ૧૫ જિલ્લાઓમાં તો ૩૦ એપ્રિલ સુધી લોકડાઉન લંબાવાની જાહેરાત કરાઈ છે અને અનુમાન તો એવું જ છે કે અમુક રાજ્યોના અમુક જિલ્લાઓને બાદ કરતાં લગભગ આખા ભારતમાં લોકડાઉન ૩૦ એપ્રિલ સુધી અમુક શરતોને આધીન અને અમુક છૂટછાટો સાથે લંબાઈ શકે છે અને પરિસ્થિતી સુધરશે નહી તો વધુ એક કે બે વીક પણ લંબાઈ જશે અને એનું કારણ છે આ લેખની પહેલી લાઈનમાં આપેલું વુહાનનું ઉદાહરણ. નો ડાઉટ આટલા લાંબા લોકડાઉનથી ભયાનક આર્થિક નુકશાનો આવી શકે છે એટલું જ નહી પણ દેશમાં આર્થિક મોરચે થનારી ગંભીર કટોકટીના પ્રતાપે સામાજિક સ્તરે પણ મુશ્કેલીઓ આવી શકે છે. કેમકે જો અમેરિકા જેવી મહાસત્તા પણ લોકડાઉનના આર્થિક પરિણામોથી ચિંતિત હોય તો ભારતની તો વિસાત જ શું ? એમાયે જે દેશમાં રોજનુ કમાઈ ને રોજનુ ખાનારા લોકોની સંખ્યા મહતમ હોય ત્યારે લોકડાઉન એ એક પ્રકારનો આર્થિક આપઘાત જ કહેવાય. ગ્લોબલ બ્રોકરેજ ફર્મ ગોલ્ડમેન સૈકશના એક અનુમાન મુજબ કોરોનાના પ્રકોપ અને લોકડાઉનના કારણે આ વર્ષ એટલે કે ૨૦૨૦-૨૧ માં ભારતનો જીડીપી દર માત્ર ૧.૬ ટકા રહી જશે. લોકડાઉનને લીધે ભારતનો આર્થિક વિકાસ તો અટકી જ જશે પણ સાથે સાથે દેશમાં રોજગારી અને ખાસ કરીને ખાનગી નોકરીની સંખ્યામા પણ મોટો ઘટાડો થઈ શકે છે. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના એક રિપોર્ટ મુજબ કોરોનાને લીધે થનારા આર્થિક નુકશાનથી વિશ્વ ભયાનક મંદીમાં જઈ શકે છે. વિશ્વનો આર્થિક અને વાણિજ્યિક વ્યવહાર ૩૨ ટકા સુધી ઘટી શકે છે.

કૃષિ, વેપાર, શિક્ષણ અને વાણિજ્ય ક્ષેત્રે થનારા સંભવિત નુકશાનને ભરપાઈ કરવા કેન્દ્ર અને રાજ્ય સરકારો આર્થિક અને ચીજવસ્તુની સહાયના પેકેજો જાહેર કરી રહી છે. આ એક એવી મહામારી છે કે જેનો સામનો સમજદારી અને વ્યક્તિગત યોગદાનથી જ થઈ શકે છે. કૃષિપ્રધાન દેશ ભારતમાં જેમ ખેતી અને કિસાનોને અવગણી શકાય નહી એમ અસંગઠીત ક્ષેત્રના મજૂરો - કામદારોને પણ નજરઅંદાજ કરી શકાય નહી. માનો કે એકાદ મહિનામાં કોરોનાના આ સંકટમાથી દેશ ઉગરી જાય તો પણ આર્થિક અને ઉત્પાદનક્ષેત્રે થનારા નુકશાનમાથી બેઠા થતાં બહુ વાર લાગશે. સારું એ છે કે અત્યારે તો લગભગ બધા જ રાજકીય પક્ષો અને નેતાઓ 'જીવતા હોઈશું તો કમાઈ લઈશું' જેવા સૂત્રોને એકીઅવાજે પોકારીને લોકડાઉનના સમર્થનમાં આવ્યા છે. અત્યારે તો સમગ્ર દેશનું ધ્યાન આ મહામારીને હરાવવામાં થતાં સરકારી કે ખાનગી પ્ર્યત્નોને સંપૂર્ણ સાથ આપવાનું જ હોવું જોઈએ. એક નાગરિક તરીકે આપણી પણ ફરજ બને છે કે લોકડાઉનનો ચુસ્ત અમલ કરીએ જેથી આવનારી મુસીબતને ટાળી શકીએ અને એટલું જ નહી પણ આ સંકટ ટળ્યા પછી આવનારા આર્થિક સંકટો માટે તૈયાર રહીએ...!